## જન્મદિને વધામણી



**ડો. કેશુભાઈ દેસાઈ**
વરિષ્ઠ સાહિત્યકાર
મો. ૯૮૭૯૫ ૪૩૧૩૨



**શૈલી એમ શાહ**
મો. ૭૭૭૭૯ ૮૮૦૩૯



**ગર્વ જે પટેલ**
મો. ૯૪૨૬૫ ૩૪૩૨૮



**તાસ્વી ધર્મેશ પ્રજાપતિ**
મો. ૯૬૮૭૩ ૧૪૪૧૩

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક



જેઈઈ મેઈન્સની પરીક્ષા શ્રીમતી આર જી ગર્લ્સ અને શ્રીમતી એસ બી પટેલ ગર્લ્સ ઉચ્ચ માધ્યમિક શાળા, સૅક્ટર-૨૩, ગાંધીનગરના કુલ ૩૬ વિદ્યાર્થીનીઓએ આપી હતી. આ બધી જ વિદ્યાર્થીનીઓ ઉત્તીર્ણ થઈ છે, જે પૈકી ઋષિતા મનસુખભાઈ સુદાણી, ઋત્વી મહેશભાઈ ચૌધરી અને જયશ્રી હસમુખભાઈ પાવરા જેઈઈ એડવાન્સ માટે ક્વોલિફાઈ થઈ છે. ઋષિતા અને જયશ્રી કડી સંચાલિત હૉસ્ટેલમાં અભ્યાસ કરતી હતી. આ વિદ્યાર્થીનીઓને માર્ગદર્શન ગણિત શિક્ષક અનિલભાઈ તથા વિજ્ઞાન સુપરવાઈઝર ગીતાબેન તરફથી પ્રાપ્ત થયું હતું. પાસ થનાર બધી વિદ્યાર્થીનીઓને આચાર્ય સુધાબેને શાળા પરિવાર વતી અભિનંદન પાઠવવામાં આવ્યા છે.



નર્મદા નિગમ મુખ્ય કચેરીમાં ફરજ બજાવતા મહેશભાઈ રીઝાકર અને રમેશભાઈ ઉનાગર વયનિવૃત્ત થતાં તેમનો વિદાય સમારોહ યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે દાદા ભગવાનના આપ્તપુત્ર સ્વામી કમલેશાનંદે નિગમ પરિવારના દરેક અધિકારી, કર્મચારીને આશીર્વચન આપી વિદાય લઈ રહેલા કર્મચારીઓનું નિવૃત્ત જીવન આનંદમય વીતે અને તેઓ દીર્ઘાયુ પ્રાપ્ત કરે તેવા આશીર્વાદ પાઠવ્યા હતા. સમગ્ર કાર્યક્રમમાં વી જે સાવલિયા, મંથન ભટ્ટ, ભરત પટેલ, એ જે પટેલ, કમલેશ શ્રીમાળી તથા અન્ય કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# શ્રી બેતાળીસ ગોળ વણકર સમાજનો આઠમો સમૂહ લગ્નોત્સવ યોજાયો



ગાંધીનગર, તા. ૨

શ્રી અગીયાર ગોળ વણકર સમાજ પ્રેરિત શ્રી બેતાળીસ ગોળ વણકર સમાજ દ્વારા ૮મો સમુહલગ્ન ગાંધીનગર ઓપનએર થિએટર ઘ-૫ ખાતે યોજાયો હતો.

આ સમુહલગ્ન માં ૨૧ જોડકાઓ લગ્ન વિધીથી જોડાયા હતા. સમાજ તરફથી વિવિધ વસ્તુઓની ઘરવપરાશની કીટ્સ આપવામાં આવી હતી. આ પ્રસંગે રાજયના સમાજકલ્યાણ મંત્રી રમણલાલ વોરાએ આર્શિવચન પાઠવતા જણાવ્યુ હતુ કે, સમાજનાં ઉત્કર્ષ માટે આવા સમુહલગ્નો લોકોને પ્રેરણા આપે છે. સમાજના શિક્ષિત વર્ગો પણ ખોટા ખર્ચાને અને વ્યસનોને તિલાંજલી આપી સરકારની સમાજ કલ્યાણલક્ષી વિવિધ યોજનાઓનો લાભ લેવા આહવાન કર્યુ હતું, આ પ્રસંગે નાઝાભાઈ ઘાંઘરે સમગ્ર સમુહલગ્નના ભોજનદાતા બની એક ઉમદા ઉદાહરણ પૂરૂ પાડ્યુ હતુ. આ પ્રસંગે સમાજનાં અગ્રણી અને પૂર્વમંત્રી શ્રી કરસનદાસ સોનેરીએ ઉપસ્થિત રહી સમાજમાં નવા વિચારોનું પરિવર્તન કરવા હિમાયત કરી હતી. આ પ્રસંગે મુખ્યમંત્રીનો નવદંપતીને આશિર્વચન પાઠવતો સંદેશો વાંચી સંભળાવવામાં આવ્યો હતો. પૂ. મથુરાપ્રસાદજીએ ખાસ ઉપસ્થિત રહી તમામ નવદંપતિઓને આશિર્વાદ પાઠવ્યા હતા. આ સમુહલગ્નમાં ૨૧ જોડકાઓ લગ્ન વિધિથી જોડાયા હતા. સમાજ તરફથી વિવિધ વસ્તુઓની ઘર વપરાશની કીટસ આપવામાં આવી હતી. તમામ નવ દંપતિઓને પાનેતર પટેલ સમાજના અગ્રણી રાવજીભાઈ પટેલે પુરા પાડ્યા હતા. સમગ્ર કાર્યક્રમમાં ગાંધીનગરનાં વણકર સમાજનાં તમામ અગ્રણીઓએ ભારે જહેમત ઉઠાવી હતી. આ પ્રસંગે પૂર્વ કલેક્ટર અને સમાજના અગ્રણીશ્રી કે.કે.ચૌહાણે સમાજની ઉત્કર્ષની માહિતી આપી હતી. અને આભારવિધિ ગાંધીનગરના અગ્રણી બાબુભાઈ રાઠોડે કરી હતી.

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૨**
બાગી
૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૩**
બાગી
૧૧.૦૦, ૨.૦૦
જંગલબૂક (૩ડી હિન્દી)
૫.૦૦, ૭.૧૫, ૯.૩૦

**સ્ક્રીન-૪**
શૉર્ટકટ સફારી
૧૨.૪૫, ૬.૪૫, ૯.૩૦
ફૅન
૧૦.૦૦, ૪.૦૦

**સ્ક્રીન-૫**
ફૅન
૧.૦૦, ૭.૦૦, ૧૦.૦૦
બાગી
સવારે ૧૦.૦૦

## એએસીએની કૉફી ટેબલ બૂકનું શનિવારે વિમોચન કરાશે



ગાંધીનગર, તા. ૨

અમદાવાદ ઍડવર્ટાઈઝીંગ સર્કલ ઍસોસિએશન દ્વારા ફૅસ્ટીવલ ઑફ ઍડવર્ટાઈઝીંગનું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રસંગે સર્કલની કૉફી ટેબલ બૂકનું વિમોચન તથા ઝી ન્યૂઝના ઍડિટર સુધીર ચૌધરી સાથે વાર્તાલાપનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

તા. ૭ મે ને શનિવારના રોજ સાંજે ૬.૪૫ કલાકે હોટલ રેજેન્ટા, ઉસ્માનપુરા, અમદાવાદ ખાતે આ સમારોહનું આયોજન કરવામાં આવ્યું છે, એમ આ અંગેની એક અખબારી યાદીમાં ઍડવર્ટાઈઝીંગ સર્કલના પ્રમુખ અજિત શાહ અને સૅક્રેટરી પ્રશાંત નરેચાનિયા દ્વારા જણાવવામાં આવ્યું છે.

# રાષ્ટ્રીય સેવા યોજનાના સ્વયં સેવકો માટે સન્માન સમારોહ અને સત્રાંત દિવસ યોજાયો



સાદરા, તા. ૨

ગૂજરાત વિધાપીઠ અમદાવાદ સંચાલિત શારીરિક શિક્ષણ અને રમત-ગમત વિધાશાખાની રાષ્ટ્રીય સેવા યોજના એકમનો સન્માન સમારોહ અને શારીરિક શિક્ષણ અને રમત-ગમત વિધાશાખાનું સત્રાંત દિવસ યોજાયો આ પ્રસંગે ગુજરાત રાષ્ટ્રીય સેવા યોજનાના ક્ષેત્રીય અધિકારી અને યુથ ઓફિસર શ્રી કમલ કુમાર કર તથા લકુલીશ યોગ યુનિવર્સિટીના કુલપતિ ડૉ. ચંદ્રસિંહ ઝાલા, શારીરિક શિક્ષણ અને રમત-ગમત વિધાશાખાના ડીન અને વિભાગાધ્યક્ષ પ્રો. જમનાદાસ સાવલિયા હાજર રહ્યા હતા પરંપરા મુજબ સુતરની આટીથી મેહમાનોનું સ્વાગત રાષ્ટ્રીય સેવા યોજના એકમના સ્વયં સેવકોએ અમિત સુરાણી, દેવજીભાઈ શેખ અને આકાશ રામીએ કર્યો હતું.

રાષ્ટ્રીય સેવા યોજના એકમના સ્વયં સેવકોને દત્તક લીધેલ ગામ કલ્યાણપુરા, રાજપુર , સાદરા , ચેખલારાણી તથા મોતીપુરાની શાળાઓના બાળક અને બાલિકાઓ માટે વિશેષ કાર્યબદલ સન્માન કરવામાં આવ્યું હતું જેમાં શારીરિક શિક્ષણની વિવિધ પ્રવુંતીઓ જેવીકે યોગ, લેઝીમ, પી. ટી., સાદી રમત , રમતોની કોચિંગ તથા ફિટનેસનું માપન કરવા માટે શ્રી અમિત સુરાણી, દેવજીભાઈ શેખ, પ્રકાશ ઠાકોર, અલ્પેશ ચૌહાણ, જીગર ચૌધરી હરેશ જમોડ અને કિચન ગાર્ડનિંગ કરી શાકભાજી ઉગાડવાનું પ્રવુત્તિ માટે વિક્રમ ઠાકોર, વિપુલ રબારી તથા નાટકોની તાલીમ આપવા માટે જીગર ચૌધરી અને ભાર્ગવ દવે, સાક્ષરતાના સંદર્ભમાં રાત્રી કાલીન પ્રોઢ શિક્ષણના વર્ગોના સંચાલન માટે સોહમ નાયર, અશોક સોલંકી, ભરત નાવડીયા, નિલેશ વાજા, શાળાના કમજોર વિદ્યાર્થીઓ માટે વિશેષ વર્ગોના સંચાલન માટે ભાર્ગવ દવે, અમિત સુરાણી, આકાશ રામી, વિશાલ મેતીયા, ધ્રુમિલ સુથાર અને રાજુ ભૂતિયાનું સન્માન કરવામાં આવ્યું હતું સત્રાંત દિવસના અવસરે વિદ્યાર્થી તરીકે અભિપ્રાય સુરેન્દ્ર ચાવડા, દીપ્તિ લોહાન , પ્રકાશ ઠાકોર, જીગર ચૌધરી અને રાજેન્દ્ર ઝાલાએ આપ્યો હતો તેમાં સંસ્થાની ખુબજ પ્રશંશા કરી હતી.

ગુજરાત રાષ્ટ્રીય સેવા યોજનાના ક્ષેત્રીય અધિકારી અને યુથ ઓફિસર શ્રી કમલ કુમાર કર સાહેબ પોતાના આશીર્વચન તરીકા ગાંધી વિચારોને સમાજ સુધી લઈ જઈ તેનો પ્રસાર પ્રચાર કરવો જોઈએ અને રાષ્ટ્રીય સેવા યોજના એકમના સ્વયં સેવકોને દત્તક લીધેલ ગામ કલ્યાણપુરા, રાજપુર, સાદરા, ચેખલારાણી તથા મોતીપુરામાં કરેલી વિવિધ પ્રવુત્તિને વિરદાવી હતી.

# સંગીત મારા જીવનનો આત્મા છે : પદ્મજાબેન






ગાંધીનગર આજે હરિયાળી નગરી, કર્મચારી નગરી, ક્લિન સિટી, શૈક્ષણિક (હબ) નગરી, સોલાર સિટી અને હવે વાઈ-ફાઈ સિટી બનવાનું બિરૂદ મેળવવા આગળ વધી રહ્યું છે. આ બધા ઉપરાંત એક એવું ક્ષેત્ર પણ છે જેમાં આપણું શહેર છેલ્લાં વર્ષોમાં સોળે કળાએ ખીલી ઉઠ્યું છે અને તે છે સાંસ્કૃતિક ક્ષેત્ર. અને હવે તો ‘કલા નગરી’ કે ‘સાંસ્કૃતિક નગરી’નું બિરૂદ પણ ગાંધીનગરને અપાય છે.

આ એ જ ગાંધીનગર છે જેના પ્રારંભે તે ‘ધૂળિયું’, શુષ્ક અને સરકારી નગરી તરીકે ઓળખાતું હતું. જેમ જેમ ગાંધીનગરનો વિકાસ થતો ગયો અને કલાપ્રવૃત્તિઓ તથા કલા સંસ્થાઓનો ઉદ્ભવ અને વિકાસ થતો ગયો તેમ તેમ ગાંધીનગરની ઓળખ બદલાવા લાગી. એ સમયના ધૂળિયા અને શુષ્ક ગાંધીનગરમાં કોઈ મોટા પાયે નહીં પરંતુ સંગીતની નાની નાની બેઠકો, મહેફિલો વિ. રજાઓની આગલી રાત્રે યોજાવાનું શરૂ થયું. આવી બેઠકો દ્વારા કલાકારોને તક અને પ્રોત્સાહન મળ્યા. એટલું જ નહીં, પરંતુ મનોરંજન મેળવવાનો સુંદર માહોલ સર્જાતો ગયો.

સીત્તેરના દાયકામાં ગાંધીનગરમાં નિયમિત યોજાતી આવી સંગીત મહેફિલોમાં એક ગૂંજતું નામ એટલે શ્રીમતી પદ્મજાબેન ગોવિંદ ઘાટે. ‘સંગીત એ જીવનનો આત્મા છે’ એટલે જ ‘સૂર કે બિના જીવન સૂના’ માનનારા પદ્માબેનને બાળપણથી જ સંગીત પ્રત્યે અગાધ લગાવ. પદ્મજાબેનના આ શોખને અમદાવાદ અને ગાંધીગર આવીને પાંગરવાનો અવકાશ મળ્યો.

૧૯૪૧માં મુંબઈ ખાતે જન્મેલા અને મુંબઈ, વતન, મા-બાપ વિ. છોડીને અને ૧૯૬૨માં શ્રી ગોવિંદ ઘાટે સાથે લગ્નગ્રંથિથી જોડાઈને આ જ વર્ષે ગુજરાત આવેલા પદ્મજાબેનને કલ્પના પણ નહોતી કે અહીં એવા દોસ્તો મળવાના છે જેઓ જીવનની મૂડી બનવાના હતા.

જાણીતા સંગીતકાર સ્વ. રમણભાઈ પુરોહિત અને તેમનાં પત્ની સુધાબેન, આશીકે મહંમદ રફી શ્રી હારિત દવે અને તેમનાં પત્ની શ્રીમતી રક્ષાબેન દવે, સ્વ. ગોવિંદ ઘાટે અને પદ્મજાબેન ઘાટે તથા સ્વ. હસમુખભાઈ પંડ્યા અને તેમનાં પત્ની - આ ચારેય દંપતિના અગાધ સંગીત પ્રેમને કારણે અને પાડોશી હોવાના નાતે સંગીતની મહેફિલો, બેઠકોનો દોર શરૂ થયો. ૧૯૬૨થી દરિયાખાન ઘુમ્મટથી શરૂ થયેલી મહેફિલોનો આ દોર ૧૯૭૦ના દાયકાના શુષ્ક ગાંધીનગરમાં પણ ચાલુ રહ્યો.

દરિયાખાન ઘુમ્મટમાં મિત્રોના મેળામાં સંગીતની બેઠકો યોજાય તો વળી નવરાત્રિના પણ અનેક કાર્યક્રમોમાં પદ્મજાબેન પોતાના કંઠના કામણ પાથરતા. કંઠની ગોડ ગીફ્ટ ધરાવતા પદ્મજાબેનની સંગીત સફરને લોકોની ચાહના મળવા લાગી.

પદ્મજાબેને સંગીતની કોઈ તાલીમ લીધી ન હતી. ગીતો સાંભળીને કંઠસ્થ કરવાના અને પછી ગુરુ સ્વ. રમણભાઈ પુરોહિત પ્રેક્ટિસ કરાવે એ જ એમનો રિયાઝ. સુર પકડાય નહીં ત્યાં સુધી પ્રેક્ટિસ ચાલે. રેડિયો સીલોન પરથી પ્રસારિત થતાં ગીતો સાંભળે, ગુનગુનાવે, રિયાઝ કરે અને મહિનામાં દર શનિવારે રાત્રે હારિતભાઈના સૅક્ટર-૧૬ના નિવાસસ્થાને બેઠક યોજાય. આ ચારેય દંપતિ અને અન્ય પંદર-વીસ મિત્રો બેઠકમાં જોડાય.

૧૯૬૧માં રજૂ થયેલી ફિલ્મ ‘ભાભી કી ચુડિયાં’ની લતાજીએ ગાયેલી પ્રાર્થના ‘જ્યોતિ કલશ છલકે...’ની પદ્મજાબેનના કંઠે રજૂઆત સાથે સામાન્ય રીતે બેઠકની શરૂઆત થાય અને દિવ્ય વાતાવરણ સર્જાય. પદ્મજાબેનના પતિ ગોવિંદભાઈ તબલાં પર સંગત કરે અને બેઠકનો દોર આગળ ચાલે. શરૂ થયેલા બેઠકના દોરમાં જહાંઆરા ફિલ્મનું મદનમોહનજીનું સંગીત અને લતાજીનું ગાયેલું ગીત ‘વો ચૂપ રહે તો મેરે દિલ કે દાગ...’ જ્યારે પદ્મજાબેન રજૂ કરે ત્યારે અચૂક ‘વન્સ મોર’થી શ્રોતાઓ વધાવી લેતા. ફિલ્મ ‘શારદા’નું ‘ઓ ચાંદ જહાં વો જાયે, હર રાત ખબર લાના...’ પદ્મજાબેનના કંઠે, ૧૯૬૪માં રજૂ થયેલી ફિલ્મ ‘ચિત્રલેખા’નું યુગલ ગીત ‘છા ગયે બાદલ નીલ ગગન પર ઘૂલ ગયા કજરા સાંજ ઢલી...’, ફિલ્મ તાજમહાલનું ‘એક શહેનશાહ ને બનવા કે હસીં તાજમહલ...’ની પદ્મજાબેન અને આશિકે રફી હારિતભાઈ સુંદર રજૂઆત કરતા. ગોવિંદભાઈ તબલાં પર, પંડ્યાભાઈ મેન્ડોલિન, રમણભાઈ હાર્મોનિયમ પર અને ૧૯૫૦થી ૧૯૭૦ની ફિલ્મોના સુવર્ણકાળનાં ગીતોની મહેફિલ જામે. પદ્મજાબેન માને છે કે કોયલ અને મોરના ટહૂકા કોઈ પુરસ્કાર માટે નથી હોતા. એ તો કુદરતે તેમને આપેલી બક્ષિસ છે. પદ્મજાબેનને પણ મળેલ કંઠ એ પણ આવી જ બક્ષિસ છે, માટે જ તેઓ નિજાનંદ માટે સંગીતને સમર્પિત છે.

બેઠકોમાં આશાજી અને ઉષા મંગેશકરે ગાયેલું ફિલ્મ ‘ફિર વોહી દિલ લાયા હું’ના શાસ્ત્રીય યુગલ ગીત ‘દેખો બિજલી ડોલે બીન બાદલ કે’ની સુંદર રજૂઆતથી પદ્મજાબેન અને રક્ષાબેન છવાઈ જતાં. મસ્તી અને ઉલ્લાસથી થયેલી રજૂઆત સર્વપ્રિય બની રહેતી. અને પદ્મજાબેનના પ્રશંસકો અને તેમના અવાજના ચાહકોની સંખ્યા વધતી ગઈ. જાણીતા સ્વરકાર ગાયક સ્વ. મુનીકુમાર દેસાઈ, બોરા બ્રધર્સ, રાણાભાઈ વિ. પણ બેઠકોમાં સુમધુર કંઠથી છવાઈ જતા અને રાત્રિએ શરૂ થતી આ સંગીતની મહેફિલ એવી તો જામતી કે ક્યારે સવાર પડી જતી તેની ખબર પણ ન રહેતી! ઠંડી કે વરસાદ કોઈ પણ સંજોગોમાં આ બેઠકોનો સીલસીલો ચાલુ જ રહેતો.

પદ્મજાબેનને જૂના ફિલ્મી ગીતોનો અનેરો શોખ. રેડિયો પર કોઈ ગીત સાંભળ્યું, ગમ્યું અને દોડે રસોડામાં... કેમ ? ગમતા ગીતને ભીંત પર લખી લેવાનું અને ફૂરસદના સમયે ગાવાનું અને ગણગણવાનું. પદ્મજાબેનના રસોડાની ભીંત પર આજે પણ આવાં ૫૦૦ જેટલાં ગીતોના મુખડા મોજૂદ છે, જે જોઈને મેં પણ આનંદાશ્ચર્યની લાગણી અનુભવી છે. આ અનોખું મ્યુઝીયમ જોવા જેવું છે, હોં!

સરળ, સાલસ, સાદગીસભર વ્યક્તિત્વ ધરાવતા પદ્મજાબેને આજે પણ સંગીત પ્રત્યેની રસરૂચિ જાળવી રાખી છે. સ્વ. ગોવિંદ ઘાટે આધ્યાત્મિક જીવન વધુ પસંદ કરતા. પરંતુ પદ્મજાબેન જણાવે છે કે તેઓએ કદી તેમના રસ, શોખને રોક્યા નથી. પતિના સહકાર અને પ્રોત્સાહનથી જ પદ્મજાબેને વર્ષો સુધી સંગીત બેઠકોની દુનિયામાં રાજ કર્યું છે. પદ્મજાબેનના ત્રણ પુત્રો અને પુત્રવધૂઓને પણ સંગીતનો ખૂબ જ શોખ છે. પુત્ર કેતન કિશોરકુમારનાં ગીતો બખૂબી રજૂ કરે છે. પૌત્રી સંપદા પણ દાદીનો ગાવાનો વારસો જાળવે છે. પદ્મજાબેન હાલમાં તેમના સંગીત પ્રેમની સાથે સાથે ગાંધીનગરની જાણીતી સંસ્થા ‘ગજાનન સેવા સમિતિ’ની સેવાકીય પ્રવૃત્તિઓમાં મિલિન્દ ગુપ્તે, શ્રુતિબેન વિ.ની સાથે સક્રિય રહીને ભાગ લે છે.

આજે હારીતભાઈ દ્વારા પદ્મજાબેનની મુલાકાત માટે તેમના ઘેર જવાની તક મળી ત્યારે ત્યાંના સંગીતમય વાતાવરણની સાથે સાથે તેમના અને સાથી ગાયિકા રક્ષાબેન દવેના કંઠે ‘દેખો બિજલી ડોલે બિન બાદલ કે...’ની ડોલાવતી રજૂઆત સાંભળીને મન તથા વાતાવરણમાં સંગીતના સૂરો છવાઈ ગયા. સુરીલી શુભેચ્છાઓ પદ્મજાબેન...

# સામખીયાળીમાં સાઈધામનો ૧૦મો પાટોત્સવ ઉજવાયો



ગાંધીનગર, તા. ૨

કચ્છના પ્રવેશદ્વાર સમા સામખીયાળીમાં સાંઈધામનો ૧૦મો પાટોત્સવ ધામધૂમથી ઉજવાયો હતો.

સાંઈમંદિના મોભી પોપટલાલ એમ ગડા અને ઝવેરબાની પાવન નિશ્રામાં ભવ્યાતીત પાટોત્સવ પ્રસંગે દીતલા (અમરેલી)ના અને હાલ બોરીવલી, મુંબઈના ૮૩ વર્ષના સેવા ભેખધારી બિસ્કિટકાકા મનસુખભાઈ એમ ગગલાણીનું ફિલ્મી અભિનેતા ટીકુ તલસાણિયાના હસ્તે બહુમાન થયું હતું. કચ્છમાં પ્રથમ વખત આતિથ્ય માણનાર સેવા ભેખધારી મનસુખભાઈ એમ ગગલાણીએ સન્માનનો પ્રત્યુત્તર પાઠવતાં જણાવ્યું હતું કે દુખી થવાનો એક માર્ગ છે કે બીજાના સુખ જુઓ, સુખી થવાનો એક માર્ગ છે કે બીજાના દુખ જુઓ. તેમણે વધુમાં જણાવ્યું હતું કે ચાર દાયકાથી નિમિત્ત બની જરૂરિયાતમંદોને વિધ-વિધ સહાય અર્પણ કરું છું પરંતુ માગ્યા વગર સૌથી વધુ ડોનેશન સમગ્ર કચ્છી માડુ તરફથી પ્રાપ્ત થાય છે. રાજસ્થાનમાં કામદારા સ્ત્રીઓ જે મરચાંની ખેતી અને ગંધક ઠાલવવાનું કામ કરે છે તેમની તંદુરસ્તી સંદર્ભે અસરકારક કાર્ય ગણતરીના દિવસોમાં હાથ ધરવામાં આવશે. મારી ઈચ્છા છે કે ગુજરાતમાં તમામ વિસ્તારોમાં ‘જ્ઞાન પરબ’ (વાંચનાલય)નો પ્રારંભ કરવો છે. જ્ઞાનપિપાસુ જવાબદારી સંભાળી શકે તો પુસ્તકો, કબાટો નિઃશુલ્ક આપવાના છે. સેવા મેળવવા ઈચ્છતા વ્યક્તિઓએ મો. ૯૭૬૯૬ ૦૧૬૪૦ દ્વારા સંપર્ક કરવો. સમારોહમાં દાદાસાહેબ ફાળકે સંસ્થાના ચૅરમૅન અશવાકભાઈ ખોપકર, કચ્છનું ગૌરવરૂપ ઘરેણું પત્રકાર બાબુભાઈ એમ શાહ, અશ્વિનભાઈ ઝીંઝુવાડિયા, મધુબેન વી ખાસ ઉપસ્થિત રહ્યા હતા. અનેકાનેક ભક્તો સામુહિક મહાપ્રસાદ, આરતી, દાંડિયારાસમાં જોડાયા હતા. મૂકસેવક રાજુભાઈ પી ગડાએ સર્વને આવકારી આભાર પ્રગટ કર્યો હતો.